# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૮ • ૧૫ મે ૨૦૨૪ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## બાલમંદિર વાર્ષિક ઉત્સવ



શિશુવિહાર સંસ્થા દ્વારા શ્રમિક પરિવારોનાં બાળકોની કેળવણી માટે ૧૯૫૨માં સ્થાપિત શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરનો ૭૧મો વાર્ષિકોત્સવ તારીખ ૧૩ એપ્રિલે યોજાઈ ગયો. ગુજરાતના જાણીતા બાળ કેળવણીકાર ડૉ.નલિનભાઈ પંડિતના અધ્યક્ષ સ્થાને યોજાએલ રંગારંગ કાર્યક્રમમાં બાલમંદિરનાં બાળકોએ અભિનય, કૂચ ગીત અને વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓનું નિદર્શન કર્યુ હતું. વર્ષ દરમિયાનની ૧૦ જાગૃત વાલીસભામાં હાજર રહેવા સાથે પોતાનાં બાળકના વિકાસમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર મા-બાપને પ્રોત્સાહિત કરાયા હતા. શ્રી નલિનભાઈ પંડિત, શ્રી પરેશભાઈ ત્રિવેદી, ઈન્દાબહેન ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં મા-બાપની ભૂમિકા અને સ્વસ્થ સમાજ રચનામાં વડીલોની વાત કરતા ડૉ. નલિનભાઈએ ગુજરાતની બાળ કેળવણીમાં શિશુવિહાર સંસ્થાની નોંધનીય ભૂમિકાની સરાહના કરી હતી. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવેએ મહેમાનોનું વિશેષ અભિવાદન કર્યું હતું.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736





તદુપરાંત વર્ષ દરમ્યાન બાળકોને સલામત અને સમયસર બાલમંદિર લાવતા અને બાળકને પોતાના ઘરે પરત પહોંચાડતા રિક્ષા ચાલક શ્રી મનીષભાઈ તથા શ્રીઅલ્તાફભાઈનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું.




શિશુવિહાર સંચાલિત શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે ભાર વિનાની જીવન મુલક કેળવણીનાં ઉત્સવમાં ૧૮૦થી વધુ નાગરિકો જોડાયા હતા.કાર્યક્રમનું સંકલન બાલમંદિરનાં આચાર્યાશ્રી અંકિતાબહેન ભટ્ટે કર્યું હતું.

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરઃ

એપ્રિલ માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૭૫ રહી હતી. જેમાં ૭ બાળકોના અને શિક્ષક શ્રી કમલાબહેન બોરીચાનો જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયો હતો. શ્રી કમલાબહેન બોરીચા તરફથી બાળકોને નારીયેળ પાણી આપવામાં આવેલ. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી સામુહિક પ્રવૃત્તિમાં વાર્ષિક કાર્યક્રમની પ્રેક્ટીસ યોજવામાં આવેલ. બાળવયથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુસર ડામરની ગોળીનું

નૃત્ય, અવાજ કરતી ફુટપટ્ટી, રંગમિશ્રણ જેવા પ્રયોગ બાળકોને બતાવવામાં આવેલ. એપ્રિલ માસમાં વિવિધ વસ્ત્રનું પ્રદર્શન ગોઠવેલ. આ પ્રદર્શનના લાભાર્થી બાળકો અને વાલીઓની કુલ સંખ્યા ૧૦૦ રહી હતી. ૪ એપ્રિલે બાળકો સાથે વર્ગશિક્ષકના ફોટા પાડવામાં આવેલ અને તમામ બાળકોને સ્મૃતિભેટ સ્વરૂપે આપવામાં આવેલ. માસ દરમિયાન ધ્વનિતભાઈ ચૌહાણ તરફથી બાળકોને પોષકઆહારની સહાય મળી છે. જે માટે સંસ્થા આભાર વ્યક્ત કરે છે. બાલમંદિરનાં વાર્ષિક ઉત્સવ બાદ બાળકોને વાલીની ઉપસ્થિતિમાં પ્રગતિપત્રકનું વિતરણ કરવામાં આવેલ. વાલી બેઠક સાથે તા.૧૯ એ બાલમંદિરના વર્ષ ૨૦૨૩-૨૪ નું સત્ર સમાપન થયું હતું.

**સંચાલકઃ શ્રી અંકિતાબહેન ભટ્ટ**

## મોંઘીબહેન બધેકા બાલમંદિરનાં ઉપક્રમે શૈક્ષણિક સત્ર (જૂન ૨૦૨૩ થી એપ્રિલ ૨૦૨૪)માં થયેલ બાળતાલીમની સંકલિત માહિતી

- **વર્ગનું નામઃ** બકુલ ટુકડી
- **વર્ગ શિક્ષિકાઃ** શ્રી ઉષાબહેન રાઠોડ
- **તાલીમની સંખ્યાઃ** ૩૫
- **તાલીમાર્થી બાળકોની સંખ્યાઃ** ૩૬

• **યોજાયેલ તાલીમઃ** ક્રીડાંગણમાં સાઈકલ ચલાવવી, સંગીત તાલીમ, સામૂહિક રમતો, મોતીની માળા તૈયાર કરવી, પેપર કટિંગ કરવું, વાર્તાકથન, ચિત્ર વાર્તા, રૂમાલ સંકેલવા, દડા ઉછાળવા, પટ્ટા ઉપર ચાલવું, વસ્તુ છૂટી પાડવી, આંગળીથી ટપકાં કરવાં, ગાદલામાં ઠેકડા મારવાં, ઢોળ્યા વગર પાણી ભરવું, રમકડાં બનાવવા, ચકરડી ફેરવવી, બાળકો સાથે વાર્તાલાપ, પાછા પગે ચાલવું, ઢોળ્યા વગર પાણી પીવું, જોડકણાં ગાવાં, તાલમાં તાળી પાડવી, ઢીંગલી ઘર ગોઠવવું, અંગ સ્વચ્છતા, પ્રાણી-પક્ષીનાં અવાજ કરતી રમતો, બાલદેવવનની મુલાકાત, દડાં ફેંકવા, કાગળની ઘડી કરાવવી, દડાઘરમાં રમત રમાડવી, કાચ ઘરની મુલાકાત, વિવિધ નાટક કરાવવા, આકૃતિમાં લીટી કરવી, આકૃતિમાં રંગ પૂરવા.

- **વર્ગનું નામઃ** પારિજાત ટુકડી
- **વર્ગ શિક્ષિકાઃ** શ્રી વનિતાબહેન વાઘેલા
- **તાલીમની સંખ્યાઃ** ૪૫
- **તાલીમાર્થી બાળકોની સંખ્યાઃ** ૨૫



• **યોજાયેલ તાલીમઃ** ફૂલ-મોતીની માળા બનાવવી, આકૃતિમાં લીટી કરવી, અંગ સ્વચ્છતા, રૂમની સફાઈ, ફૂલઝાડને પાણી પીવડાવવું, વિવિધ ચાર્ટ પરિચય, માટીકામ, ટાંકાકામ, વિવિધ રંગ પરિચય, ચોક વડે ચિત્રકામ, મીણિયા રંગથી ચિત્રકામ, મીણિયા દોરા વડે ચિત્રકામ કરવું, આકૃતિમાં રંગ પૂરવા, શાકભાજીનો ચાર્ટ, ફિંગર પ્રિન્ટ, પ્રાણી-પક્ષીની પઝલ જોડવી, ઘડીકામ, ગેરુ વડે ચિત્રકામ, છાપકામ, બાટિકકામ,સ્વાદ પરિચય, ઝાડ-પાન પરિચય, આકૃતિ સુશોભન, બટન ફ્રેમ, વસ્તુ છૂટી પાડવી, વટાણા ફોલવા, શાંતિની રમત, મહેંદી મૂકવી, મસાલા-કઠોળ પરિચય, રેતીના કુબા બનાવવા, વેજીટેબલ પ્રિન્ટ, સાબુથી હાથ ધોવા, ઓરડાની વિવિધ રમત, મેદાનની વિવિધ રમત, કાતરકામ, ઝાડને પાણી પાવું, સુકા પાન અને ડાળી વીણવાં, બાટીકકામ કરાવવું.

- **વર્ગનું નામઃ** ગુલાબ ટુકડી
- **વર્ગ શિક્ષિકાઃ** શ્રી કમલાબહેન બોરીચા
- **તાલીમની સંખ્યાઃ** ૫૦
- **તાલીમાર્થી બાળકોની સંખ્યાઃ** ૨૫

• **યોજાયેલ તાલીમઃ** સ્પ્રે વર્ક, ફિંગર પ્રિન્ટ, ચોક વડે ચિત્રકામ, ધજા બનાવવી, ટાંકાકામ, ફરફરિયાં બનાવવાં, આકૃતિ સુશોભન, ઘડીકામ, મોતીની માળા કરાવવી, બટન ટાંકવાં, માટીનાં રમકડાં બનાવવા, મમરાની માળા બનાવવી, કાતરકામ, ગેરુ વડે ચિત્રકામ, છાપકામ, ફૂલ-પાનના તોરણ, વજનની તક્તી, ઘ્રાણેન્દ્રિય કૌશલ્ય રમત, બાટિકકામ, તેલબ્રી, લાયબ્રી, મસાલા-કઠોળ પરિચય, મીણિયા દોરા વડે ચિત્રકામ, જાળીકામ, રમત,ધ્વનિ પ્રસરણ, ફૂવારો, લોહચુંબક, રંગમિશ્રણ, ગુંજતો ભમરો, કૃત્રિમ વરસાદ, વનસ્પતિ વિકાસ, વક્રીભવન, દષ્ટિભ્રમ, લાકડા સળગાવવા, હવાના દબાણ દ્વારા પવનચક્કીનો પ્રયોગ, ઓક્સિજનની હાજરીની રમત, હાથ ન ભીંજાય તેમ પાણીમાંથી સિક્કો કાઢવાની રમત, બિલોરી કાચનો પ્રયોગ, લેખનકાર્ય, લાયબ્રી, માટીકામ, અગરબત્તી વડે કાણાં પાડવાં, જાળીકામ.

- **પ્રવૃત્તિનું નામઃ અનુભવ તાલીમ વર્ગ ક્રમઃ ૮૦**
- **સત્રઃ જૂન ૨૦૨૨ થી એપ્રિલ ૨૦૨૩**
- **મુખ્ય સંયોજક :- શ્રી પ્રીતિબહેન ભટ્ટ**

**(અનુભવવર્ગ અંતર્ગત ૫ બહેનોએ વિવિધ વિષયો પર તાલીમ મેળવી હતી તથા સત્રાંત કાર્યક્રમમાં તેમને સ્કોલરશિપ તથા પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.)**

• A- તાલીમ વિષય: બાળકો માટે પોષકઆહાર

• **પ્રવૃત્તિની સંખ્યા: ૨૦**
• **તાલીમી શિક્ષિકાઓ: શ્રી દીપાબહેન જોશી, લીલીબહેન મકવાણા**

• **તાલીમ વિષય:** દૂધપાક, દહીંવડા, મગ, બાફેલા શીંગ ચણા, ફ્રૂટ સલાડ, દાળ ઢોકળી, મિક્સ ફ્રૂટ, દૂધ કોલ્ડડ્રિંક, ગાજરનો હલવો, દૂધી, કોબી, ગાજરના મુઠિયા, દહીં-ભાખરી, વેજીટેબલ સલાડ, રવાનો શીરો, ફરસી પૂરી, ખાખરા, શક્કરપારા, ખજૂરપાક, મેથીના ગોટા, વેજ. સુપ, સેવ ઉસળ

• B - તાલીમ વિષય: ગણિત અને ભાષા

• **તાલીમી શિક્ષક: શ્રી ઉષાબહેન રાઠોડ**
• **પ્રવૃત્તિની સંખ્યા: ૨૦**

• (ગણિત)-અંક તક્તી, રેતિયાઅંક, પટ્ટાવાળી સીડી, ગણતરી, સંખ્યા-સંજ્ઞાનું જોડાણ, મોઈનીપેટી, સમ-વિષમની રમત,પારા-લાકડી જોડાણ, ટોપલીની રમત, એકાંકી સરવાળા-બાદબાકી, ગ્લાસની રમત, અંકના પાટિયા ૧૧ થી ૧૯ અને ૧૧ થી ૯૯, સ્લિપ સાથે સરવાળાનું પાટિયું, બાદબાકીનું પાટિયું, ગુણાકારનું પાટિયું, દશમાન પરિચયના પાઠની તાલીમ

• C - તાલીમ વિષય: હસ્ત કૌશલ્ય

• **મુખ્ય સંયોજક: શ્રી પ્રીતિબહેન ભટ્ટ**
• **પ્રવૃત્તિની સંખ્યા: ૨૦**

• મૂળ ૧૦ આકૃતિ, રંગપૂરણી, પાન ઉપર મીણિયા રંગ, ફિંગર પ્રિન્ટથી ચિત્રો, કાંસકા વર્ક, જાળીકામ, મીણિયા દોરા-સ્પ્રેવર્કથી ચિત્ર નિર્માણ, રાખડી તૈયાર કરવી, ટાંકાકામ, બાટિકકામ, ઘડીકામ, શબ્દપોથી, અગરબત્તી વડે ચિત્રકામ, માટીનાં રમકડાં, ચિટક કામ, છાપકામ, બટનકામ, લાયબ્રી, તેલબ્રી, મુગટ બનાવવા, માટીમાંથી સોગઠી બનાવવી, ચિત્ર દોરી રંગ પૂરવા

• D- તાલીમ વિષય: બાળ શિક્ષણ પદ્ધતિ
• **તાલીમી શિક્ષિકા: શ્રી કમલાબહેન બોરીચા**
• **પ્રવૃત્તિની સંખ્યા: ૨૦**



• બાળકની વૃદ્ધિ અને વિકાસ, બાળકનાં વિકાસમાં અસર કરતા વારસો અને વાતાવરણ, બાળકનો ભાષા વિકાસ બાળકમાં સામાજિકતાના વિકાસને અસર કરતાં પરિબળો, બાળવર્તનનાં પ્રશ્નો બાળકની સુટેવ-કુટેવ, બાળકનો વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ બાળકના વિકાસમાં વાલી અને શિક્ષકનો ફાળો, બાલમંદિરનુ બાહ્ય વાતાવરણ અને આંતરિક વાતાવરણ, સ્વાસ્થ્ય અંગે શિક્ષણ બાળકનાં આરોગ્યનાં વિકાસને અસર કરતા પોષકતત્વો, બાળરમત, બાળકમાં સર્જનાત્મક વિકાસ તેમજ જીવન વ્યવહારની પ્રવૃત્તિ, બાળવાર્તા, બાળનાટક, પપેટસ, વિવિધ ચાર્ટ, બહેનોની વાલી સાથે ચર્ચા પુસ્તકાલય વિશે માહિતી તેમજ બાળલક્ષી પુસ્તક વાંચન પર્યાવરણ વિકાસની પ્રવૃત્તિઓ

• E- તાલીમ વિષય: સંગીત શિક્ષણ
• **તાલીમી શિક્ષિકા: શ્રી કમલાબહેન બોરીચા**
• **તાલીમાર્થી સંખ્યા: ૦૫ • પ્રવૃત્તિની સંખ્યા: ૭**

• **યોજાએલ તાલીમ:** પ્રાર્થના-૫, • બાળગીતો-૧૦, • અભિનય ગીત-૧૦,• ધૂન-૬ •જોડકણાં-૮૦

• F- તાલીમ વિષય: મોન્ટેસરી તાલીમ
• **તાલીમી શિક્ષિકા: શ્રી પ્રીતિબહેન ભટ્ટ,**
• **પ્રવૃત્તિની સંખ્યા: ૬**

• પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણની માહિતી અને તફાવત, ઈતિહાસ, ગુજરાતનાં અને પશ્ચિમના બાળ કેળવણીકારો, મોન્ટેસરી પદ્ધતિ, ફ્રોબેલ મોન્ટેસરી એકીકરણ, બાળ સંગીત, મુક્ત, અર્ધમુક્ત, પૂર્ણમુક્ત સાધનો, બાળ અવલોકન, સંસ્થાગત અભિગમ તથા ઈન્દ્રિય શક્ષણના સાધનનો ત્રિપદ પદ્ધતિથી ઉપયોગ તથા સાધનોની વિશિષ્ટતાની તાલીમ.

• **પ્રવૃત્તિનું નામ: જાગૃત વાલી પ્રોત્સાહન**
• **પ્રવૃત્તિ સંખ્યા: ૧૦**
• **ભાગ લેનાર બાળકો-વાલીઓની સંખ્યા: ૪૭૬**
• **મુખ્ય સંયોજક: શ્રી પ્રીતિબહેન ભટ્ટ**

**તજ્ઞ મહેમાનશ્રી દ્વારા માર્ગદર્શન :**

ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ.નેહલભાઈ ત્રિવેદી, શ્રી હિનાબહેન ભટ્ટ, શ્રી નિર્મોહીબહેન ભટ્ટ, શ્રી પરેશભાઈ પાઠક

| પ્રવૃતિ વિષય | માસ-વર્ષ | લાભાર્થી વાલીની સંખ્યા |
|---|---|---|
| • જીવન વ્યવહાર પ્રવૃત્તિ | સપ્ટેમ્બર | ૮૦ |
| • આરતી ડેકોરેશન | ઓક્ટોબર | ૪૬ |
| • આરોગ્ય તપાસ | ડીસેમ્બર | ૫૫ |
| • રમત ઉત્સવ | જાન્યુઆરી | ૧૦૦ |
| • શૈક્ષણિક સાધન પ્રદર્શન અને પુસ્તકાલય મુલાકાત | ફેબ્રુઆરી | ૧૩૦ |
| • સમુહ ભોજન | માર્ચ | ૬૫ |

## સત્કર્મ સન્માન સમિતિનાં ઉપક્રમે શિશુવિહારનું અભિવાદન




• ભાવનગરનાં પ્રબુદ્ધ નાગરિક જીવનને સમાજ ઉપયોગી રાખતી શહેરની ૮ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ૮ સેવાના ભેખધારી નાગરિકોનું સન્માન યોજાઇ ગયું. ફક્ત સેવા ભાવનાથી કોઇ પણ અપેક્ષા વગર સત્કર્મ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનવા ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ તથા સામાજિક અગ્રણી શ્રી જયંતભાઇ વાનાણી તથા પી.એન.આર. સોસાયટીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઇ શાહની ઉપસ્થિતિમાં શિશુવિહાર પ્રાંગણમાં તા. ૨૦ એપ્રિલના રોજ યોજાયેલ સમારોહમાં ભાવનગરની જાણીતી સેવાભાવી સંસ્થા શિશુવિહારમાં વર્ષ ૧૯૯૦થી ચાલતી દર્દી સાધન સહાય પ્રવૃત્તિ થકી વર્ષ ૨૦૧૦-૨૦૨૩ દરમિયાન ૮,૭૫૬ દર્દીઓ સુધી સાધન પહોંચાડનાર શિશુવિહાર સંસ્થાના કાર્યકર શ્રી અનિલભાઇ જોશીએ સંસ્થાવતી અભિવાદન સ્વીકાર્યુ હતું.



## ડૉ.પી.પી.ભટ્ટનું નાગરિક અભિવાદન




•સત્કાર્ય સન્માન સમિતિ ભાવનગરનાં ઉપક્રમે ૨૦ એપ્રિલના રોજ ભાવનગરના જાણીતા તબીબ આંખના ડૉ.શ્રી પ્રદ્યુમ્નભાઇ ભટ્ટનું નાગરિક અભિવાદન થયું. ડૉ.પી.પી.ભટ્ટે ૧૯૬૮થી આંખની પ્રેક્ટિસ શરૂ કરી ૨૦૨૩ સુધીમાં ૧ લાખથી વધુદર્દીઓની તપાસ અને ૩૫૦૦૦થી વધુ દર્દીના ઓપરેશન કરેલ છે.ભાવનગરની સેવાર્થી વિવિધ સંસ્થાઓમાં પણ સેવા આપતા ડૉ.ભટ્ટ સાહેબનું સન્માન નાગરિકો માટે પ્રેરણારૂપ બને છે.

## શ્રી પ્રદીપભાઇ ભટ્ટનું અભિવાદન




• શિશુવિહાર પ્રાંગણમાં તા. ૨૦ એપ્રિલના રોજ યોજાયેલ સમારોહમાં વર્ષ ૧૯૯૫ થી શિશુવિહાર સંસ્થા હિસાબનીશ તરીકે અત્યંત પ્રામાણિકતા અને નિષ્ઠાથી સેવા આપનાર શિશુવિહાર સંસ્થાના કાર્યકર શ્રી પ્રદીપભાઇ ભટ્ટનું વિશેષ અભિવાદન મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે થયું. ભાવનગરની ઓળખ સમાન સેવા સુવાસના વિસ્તાર અને કાર્ય માટે પ્રવૃત્ત ડૉ. નલીનભાઇ પંડિત અને પરેશભાઇ ત્રિવેદી પ્રેરીત સતત પાંચમા વર્ષે યોજાતા કાર્યક્રમમાં શહેરના ૧૫૦ થી વધુ નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

## આપત્તિ નિવારણ તાલીમ

•રાહત નિયામકશ્રીની કચેરી મહેસુલ વિભાગ ગાંધીનગરના સહયોગથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આપત્તિ વ્યવસ્થાપન અંગેની તાલીમ તારીખ ૨૬એ ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘ સાથે જોડાયેલ શાળાના વિદ્યાર્થીઓ માટે શિશુવિહાર સંસ્થા ખાતે યોજાઇ હતી.



કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવો શ્રી ત્રિલોકકુમાર ઠાકર શ્રી શુભમભાઈ શાહ તેમજ શૈવાલીબહેન રાવલનું શિશુવિહાર સંસ્થા દ્વારા સ્મૃતિ ભેટ અર્પણ કરી હરેશભાઈ ભટ્ટ તથા હીનાબહેન દ્વારા સ્વાગત કરાયું હતું. તજજ્ઞશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર એટલે શું, ડિઝાસ્ટરના જુદા-જુદા પ્રકારોથી વાકેફ કર્યા હતા અને આ પરિસ્થિતિમાં પોતાનો બચાવ કેવી રીતે કરવો અને બીજા લોકો માટે કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેની વિસ્તૃત માહિતી પ્રેક્ટીકલ સાથે આપવામાં આવી હતી. ડિઝાસ્ટર સમયે ઉપયોગમાં લેવાતા સાધનો અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરાયા હતા. કાર્યક્રમના અંતે તમામ સ્કાઉટ ગાઈડને ભોજન તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટનું પુસ્તક શિશુવિહાર સંસ્થા તરફથી ભેટમાં આપવામાં આવેલ.

## આરોગ્ય

### ૪૮૪ તથા ૪૮૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ

•શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૭૩ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઈ. સ્વ.શ્રી જીવીબાની સ્મૃતિમાં ૪૮૪મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી નવનીતભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાયો, તેમજ સ્વ.શ્રી ઝવેરભાઈ દેવજીભાઈ પટેલના સ્મરણાર્થે ૪૮૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૬ એપ્રિલનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૭૩ દર્દીઓની આંખ તપાસ ડૉ.હિરવા બહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ








૨૩ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે સાથોસાથ દર્દીઓના ૧૬ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

•'દર્દી દેવોભવની' ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ ઉપક્રમે શ્રી પરીખ ફાઉન્ડેશન(મુંબઈ)દ્વારા મળેલ બસમાં દર્દીઓને વીરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઈ વેગડ અને બુધાભાઈની સેવા નોંધનીય રહી હતી.

**સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા**

•બાળરોગ ચિકિત્સકો અને વૈજ્ઞાનિકોના મતે ૩ વર્ષથી ૬ વર્ષનો સમયગાળો બાળકોનાં વિકાસ અને વૃદ્ધિમાં સૌથી વધુ અસરકારક હોય છે. આ સમયે બાળકોને પૌષ્ટિક આહાર મળે તે અનિવાર્ય છે. બાળકો માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન દ્વારા સૂચવવામાં આવેલ ડોઝ મુજબ શિશુવિહાર સંસ્થા તથા નિરમા લિમિટેડ દ્વારા ખાડી વિસ્તારનાં ૧૦ પછાત ગામોનાં ૨૫૮ બાળકોને અઠવાડિયામાં ચાર વખત ૫૦ ગ્રામ પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે. એપ્રિલ માસમાં ભાવનગરમાં જીલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ સંચાલિત આંગણવાડી પૈકી ભાલ પંથકની ૧૦ આંગણવાડીનાં કુપોષિત બાળકોને ચાર તબક્કામાં આંગણવાડી કાર્યકરના સહકારથી કુલ ૩૫,૦૮૮ પોષક ખોરાક પહોંચાડવામાં આવ્યો છે છેલ્લા ૧૩૬ દિવસથી ચાલતા કાર્યક્રમ થકી બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસમાં ફેરફાર જોવા

મળ્યો છે. નિરમા લીમિટેડના સહકારથી ગરીબ બાળકોને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવવાની પહેલ ભાવનગર જીલ્લા અને અન્ય ઉદ્યોગો માટે પણ અનુકરણીય બને છે. **સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)
## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :



•એપ્રિલ માસમાં નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. જેઓને આયોજન અનુસાર સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન શાંતિપ્રિય ભારતીય રમતો રમાડવામાં આવી. સ્કાઉટ તાલીમાર્થી વૈભવભાઈ મકવાણાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો અને તાલીમાર્થીઓએ સમૂહમાં રહી ગીતો, 'હર્ષનાદ', ધૂન ગાયા. માસ દરમ્યાન વરેણ્યા સહદેવભાઈ ભટ્ટ, સંસ્થાના કાર્યકર શ્રી હિનાબહેન ભટ્ટ તેમજ શ્રી અજયભાઈ વાઘેલાનાં જન્મદિવસ નિમિત્તે સ્કાઉટના તાલીમાર્થીઓને પોષક નાસ્તો આપવામાં આવેલ. રાહત નિયામક કચેરી શ્રી ગાંધીનગર તેમજ ભાવનગર મહાનગરપાલિકા આયોજીત આપત્તિ નિવારણ તાલીમ યોજાઈ જેમાં ૧૫૦થી વધુ સ્કાઉટના વિદ્યાર્થીઓએ લાભ લીધો. એપ્રિલ માસ દરમિયાન સ્કાઉટ તાલીમાર્થી અનંત ઠાકોરના માતૃશ્રી રૂપલબહેન ઠાકોર તરફથી સ્કાઉટના તાલીમાર્થીઓને દર ગુરૂવારના રોજ ખીરની પ્રસાદી આપવામાં આવેલ. તદ્ઉપરાંત સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી શબનમબહેન કપાસીના દીકરી શ્રી શબીનબહેન કપાસીના જન્મદિવસ નિમિત્તે સ્કાઉટના વિદ્યાર્થીઓને નોટબુક ભેટ આપવામાં આવેલ.

**સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ**



### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ એપ્રિલ માસમાં ૪૦૫ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૨ ભાઈઓ જોડાયા હતા.

**સંચાલક : ડૉ.ભાવિકાબહેન હરિયાણી**

### વયસ્કો માટે ૩૫૦ મી દ્રષ્ટિચકાસણી શિબિર ક્રમાંકઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી માર્ચ માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૩૧ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૨૪ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

**સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા**

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

એપ્રિલ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૪૧૭ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

**સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી**

### આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦થી૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૫૫૦ નાગરિકોએ લીધો.

**સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા**

### હોમિયોપેથીક સ્વાસ્થ્ય કેન્દ્રઃ

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦થી૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથીક કેન્દ્રનો લાભ માર્ચ માસ દરમિયાન ૧૯૧ દર્દીઓએ લીધો હતો.

**સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ**

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. એપ્રિલ માસમાં ક્રમાંક ૧૯૬ થી ૧૯૯મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને બોટલ કેપ ક્રાફ્ટ, પીસ્તા સેલ ક્રાફ્ટ, પેપર રેસર ક્રાફ્ટ, ફેબ્રિક વોલ પીસ શીખડાવવામાં આવ્યું હતું. જેમાં ૧૪૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

એપ્રિલ માસમાં ૫૫ વાચક સભ્યોએ ૧૫૦ પુસ્તકો વાચ્યાં હતાં. 'હુ વત્તા તું ઉર્ફે અજવાળું'(પાર્ષદ પઢિયાર), 'કેદારનાથ' (રક્ષાબહેન ભટ્ટ), 'તસ્વીર કલાનું તીર્થ' (પ્રાણલાલ પટેલ), 'દિવ્ય જીવન સંદેશ, દાનનો મહિમા, આધ્યાત્મ ઝાંખી, ગીતા ગાન' (પ્રીતેશ હરીશભાઇ ચૌહાણ) સંસ્થાના પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વનઃ

એપ્રિલ માસ દરમિયાન શ્રી તદરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૫૦૦ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. શ્રી સિલ્વર બેલ્સ પબ્લીક સ્કૂલનાં ૧૩૯ બાળકો, જ્ઞાનગુરૂ વિદ્યાપીઠનાં ૩૬ બાળકો, નૈમિષારણ્ય સ્કૂલનાં ૧૪૮ બાળકો. આમ કુલ ૩૨૩ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

## ર.વિ.ગોસળિયા ક્રિડાંગણઃ

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. માર્ચ માસ દરમિયાન ૨૫૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ



## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)

એપ્રિલ માસ દરમયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૫ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી ગુલાબબા ગોહિલ દ્વારા તમામ બહેનોને હેન્ડવર્કની તાલીમ આપવામાં આવી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ એપ્રિલે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી પરેશભાઈ પાઠક

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. માર્ચ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૨ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી બીનાબહેન ગોગદાણી તરફથી પલંગ સાઈડ સર્પોટ એક ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર વ્યકત કરે છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## સંગીત વર્ગઃ

એપ્રિલ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

## દિવ્યજીવનઃ

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ  સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ



## સ્વ-રોજગારઃ

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ત્રણ શ્રમિક બહેનો દ્વારા એપ્રિલ માસમાં કાપડની ૧૪૫૦ થેલી તૈયાર થતાં રૂ.૫૮૦૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૧,૦૪,૨૮૫ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

**સંચાલક : શ્રી દક્ષાબહેન ગોહેલ**

## મનોરંજનઃ

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. એપ્રિલ માસ દરમિયાન ૨ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

**સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ**

## પ્રચાર-પ્રસાર



### રૂ.૨૫૦/-પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૨ રહી હતી.

એપ્રિલ માસમાં શ્રી જયકુમાર હરીલાલ પંડયા-ભાવનગર, શ્રી સારંગભાઈ જે. પરીખ-મહુધા, શ્રી ભરતભાઈ ઉપાધ્યાય-ભાવનગર. વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.

**સંચાલક : શ્રી દક્ષાબહેન ગોહેલ**

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માર્ચ માસમાં ૧૯૮ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૩ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૧૦ રહી હતી.

**સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા**

### : સાભાર સ્વિકાર :

- શ્રી કે.મનોજકુમાર (મુંબઈ) તરફથી થેલી માટે કાપડ પાર્સલ ૧ ભેટ મળેલ છે. સંસ્થા આભાર વ્યકત કરે છે.



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,00,015.00 | શ્રી રાજેન્દ્રભાઈ આર. દવે | સ્ત્રી સશક્તિકરણ સહાય |
| 25,000.00 | શ્રી વસંતરાય કાંતીલાલ શાહ | નેત્રયજ્ઞ સહાય |
| 21,000.00 | શ્રી પૂર્ણિમા તનસુખરાય ભટ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | શ્રી ઈન્દાબહેન એમ. ભટ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 12,000.00 | શ્રી નાથુભાઈ પ્રજાપતિ | શૈક્ષણિક સહાય |
| 10,000.00 | શ્રી સૂર્યાબહેન પરમાણંદદાસ શાહ | સ્ત્રી સશક્તિકરણ સહાય |
| 6,000.00 | શ્રી દિપકભાઈ ઓઝા | પોષક આહાર સહાય |
| 5,001.00 | શ્રી મેઘા નરેશભાઈ વાઘેલા | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી ધર્મેન્દ્રભાઈ સુરેશભાઈ ભટ્ટ | પોષકઆહાર સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી દુધીબહેન દેવચંદભાઈ મહેતા ચે.ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |

### : સાભાર સ્વિકાર :

- બાલમંદિરમાં માસ માર્ચ,એપ્રિલ,ફાગણ,ચૈત્રમાં દાતા સર્વ શ્રી જયદેવભાઈ દુર્ગાપ્રસાદ દવે, શ્રી અજીતભાઈ બોલાર, શ્રી જૈન સોશિયલ ગ્રુપ, શ્રી વિમલભાઈ બળવંતભાઈ ભટ્ટ, શ્રી.એમ.સી.દલાલ, શ્રી મીનાબેન કિશોરભાઈ ભટ્ટ, શ્રી પ્રતિમાબેન મહેતા, શ્રી કુસુમબેન ત્રિવેદી, શ્રી બિન્દુબેન એસ. વકીલ, શ્રી વિભાકરભાઈ બટુકરાય મહેતા, શ્રી વસંતભાઈ એન. ફળિયા, શ્રી મીનાબેન ધનેશ્વરભાઈ તેમજ અન્ય ૨૫ દાતાઓ તરફથી બાળકોને પોષક આહાર આપવામાં આવેલ.

## બુધસભાઃ

- તા.૩ એપ્રિલ બુધસભાની ૨૨૮૧મી બેઠક ડૉ.છાયા પારેખન સંચાલનમાં યોજાઈ. પ્રારંભે કાવ્યપાઠ થયાં બાદ કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત ગાંધી મહિલા કૉલેજના નિવૃત્ત અધ્યાપિકા આદરણીય ડૉ.ઉષાબહેન પાઠકે મૂર્ધન્ય સાહિત્યકાર કવિ શ્રી ઉમાશંકર જોશીના બે સોનેટ ‘ગયાં વર્ષો’ અને ‘રહ્યાં વર્ષો’ નો આસ્વાદ કરાવ્યો. કવિ ઉમાશંકરે ૪૦ વર્ષની વયે લખેલા આ બંને સોનેટ કવિની જીવન પ્રત્યેની શ્રદ્ધા, આશાવાદી અભિગમ,

મનુષ્યત્વની ઉપાસના અને પ્રકૃત્તિ તથા સૃષ્ટિ પ્રત્યેનો સૌંદર્યલક્ષી દ્રષ્ટિકોણ રજૂ કરે છે. શ્રી ઉષાબહેને અનેક સંદર્ભો સાથે આસ્વાદ કરાવ્યો હતો. ૩૦થી વધુ કવિઓની ઉપસ્થિતમાં બુધસભા આનંદપૂર્ણ બની રહી. ૨૨૮૨મી બેઠકમાં પરેશભાઈ ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ. જેમાં આ માસમાં આવતા વિવિધ તહેવારો સંદર્ભે રચનાઓ પ્રસ્તુત થઈ હતી. ઉપસ્થિત ૪૦ કવિ મિત્રાએ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી. ૨૨૮૩મી બેઠક ડૉ.માનસી ત્રિવેદીનાં સંચાલનમા યોજાઈ ગયો. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત કવિશ્રી ડૉ.પરેશભાઈ કળસરિયા અને ડૉ.અલ્પેશભાઈ કળસરિયા દ્વારા પોતાના સર્જન, કાવ્યત્વ, શેરિયત, અને અનુભવ વિશે રસપ્રદ વાતો કરાઈ હતી. આ પ્રસંગેં ભાવકોની ૩૭ હાજરીથી બુધસભા રસપ્રદ બની રહી. બુધસભાની ૨૨૮૪મી બેઠક તા. ૨૪ એપ્રિલે શ્રી વર્ષા જાનીનાં સંચાલનમાં યોજાઈ. કવિ શ્રી દિલહર સંઘવીના જીવન કવન વિશે શ્રી જયેશભાઈ ભટ્ટે કવિશ્રીની સર્જન યાત્રા વિશે પ્રેરક માહિતી આપી હતી. યોગાનુયોગ શબ્દસ્થ કવિશ્રી દિલહર સંઘવી સાહેબની પુણ્યતિથિ હોઈ, શાબ્દિક 'શ્રદ્ધાંજલી' પણ પાઠવવામાં આવી. આ પ્રસંગે બુધસભામાં દિલહર સંઘવીના પરિવારજનો અને ૨૭ કવિજનો પણ ઉપસ્થિત રહયા હતા. આમ માસ દરમિયાનની ચારે બેઠકોમાં ૧૩૪ કવિઓની કૃતિ રજૂ થઈ હતી.



ભાવનગર શિશુવિહાર બુધસભાના અને અમરેલીના કવિઓનું કવિ સંમેલન શ્રી સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુરના આંગણે યોજાયું. તા.૨૭ શનિવારે સાંજે ૪ વાગ્યે શ્રી સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુરમાં શિશુવિહાર બુધસભા ભાવનગર અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળ અમરેલી જિલ્લાના કવિઓનું કવિ સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં ઉપસ્થિત ૩૮થી વધુ કવિ-કવયિત્રીઓએ ભાવકોની ભરપૂર દાદ મેળવી હતી. શ્રી મનોહર ત્રિવેદીનાં અધ્યક્ષ સ્થાને યોજાએલ સંમેલનમાં અતિથિ વિશેષ તરીકે શ્રી સંજુવાળા ઉપસ્થિત રહયાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંકલન અમરેલીના શ્રી હરગોવિંદ પંડયા, શ્રી કાલિન્દીબેન પરીખ, શ્રી હરેશ વડાવિયા, શ્રી ગોપાલ ધકાણ તથા ભાવનગરના ડૉ.માનસીબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુરના અધ્યક્ષ શ્રી મંદાકિનીબેન પુરોહિત તેમજ રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, અમરેલીના અધ્યક્ષ હરજીવનભાઈ દાફડા દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરના કવિઓ દ્વારા અમરેલીના કવિઓને શિશુવિહારનું સાહિત્ય આપી સન્માન કરવામાં આવ્યું. કવિ સંમેલન પ્રસંગે શ્રી વૈદેહી પરમાર લિખિત કાવ્યસંગ્રહ 'ધબકતું હૃદય' પુસ્તકનું વિમોચન મહેમાનશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સ્નેહી પરમાર અને ડૉ.માનસી ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

● નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ચાર વર્ષથી 'વુમન્સ ડે' નો પ્રોગ્રામ કરવામાં આવે છે. જેમાં દરેક દિવ્યાંગ સ્કુલના બાળકો ભાગ લે છે. આ બાળકોના ટેલેન્ટને પ્લેટફોમ આપવા માટે નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગીતાબહેન અગ્રાવત યોજીત કાર્યક્રમ પ્રસંગે ભાવનગરની સેવાકીય કાર્યો સાથે જોડાયેલા બહેનોને 'નારી રત્ન' એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ. શિશુવિહારના કોર્ડીનેટર શ્રી હિનાબહેનનું પણ આ પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું.

●શ્રી કીર્તિભાઈ સોલંકીના સંકલન તળે 'વાસુકી કરાઓકે' નો જૂના હિન્દી ફિલ્મીગીતોનો સંગીત કાર્યક્રમ તા. ૭ એપ્રિલે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૨૦૦ થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.

●શિવાલિકથી શિવ સુધી પહોંચવા અને પામવા માટે ૨૦૦૯માં શ્રી રક્ષાબહેન ભટ્ટે કરેલી કેદારનાથ યાત્રાની તસ્વીરોનું પુસ્તક વિમોચન શિશુવિહારમાં યોજાયું. ૨૦૧૩માં હોનારતને કારણે કેદારનાથની આસપાસનો પરિસર ઘણો બદલાઈ ગયો છે.આથી સમયના દસ્તાવેજીકરણ રૂપે ૨૦ પ્રકરણ અને ૧૨૩ પૃષ્ઠ ધરાવતાં આ પુસ્તકમાં વણી લેવાતું ચિંતન વાચકને વિચારવા માટે થોભાવે છે. ભાવનગરના જાણીતા તસ્વીરકાર

શ્રી રક્ષાબહેનનાં પુસ્તક વિમોચનકાર્યક્રમમાં ૨૫૦ થી વધુ જીજ્ઞાસુઓ પધાર્યા હતા.

• તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ શ્રી દુર્ગોત્સવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ત્રીજા વરસે 'પોઈલા બોઈશાખ' એટલે કે બંગાળી પંચાગ અનુસાર વૈશાખનો પ્રથમ દિવસ, નવવર્ષ ઉત્સવનું રંગમંચ ઉપર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાવનગરમાં વસતાં બંગાળી પરિવારોએ ઉત્સાહભેર ભાગ લઈ સાથે મળી નવાં વર્ષના વધામણાં કર્યાં હતા. આ કાર્યક્રમનાં ઉપલક્ષમાં બાળકોથી માંડીને મોટેરાંઓ દ્વારા બંગાળનાં પ્રસિદ્ધ કવિઓની કવિતા અને સ્વરચિત કવિતાનું પઠન કરવામાં આવેલું. શ્રી દુર્ગોત્સવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સાપ્તાહિક બંગાળી ભાષા શિક્ષાવર્ગના વિદ્યાર્થીઓએ પણ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની કવિતાનું કાવ્યપઠન કરેલ. આ સાથે નિમકી, આમપાન, ધોગૂનિ, ચોપ, સમોસાં અને ચા જેવા સ્વાદિષ્ટ બંગાળી અલ્પાહાર પણ આમંત્રિતો માટે ઉપલબ્ધ કરવામાં આવેલાં. અંતમાં ફરી પરસ્પર નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી કાર્યક્રમનું સમાપન થયું હતું.

• શ્રી ખુશમનભાઈ જોષીના સંકલન તળે 'સૂર-સંગમ' સંસ્થાના ઉપક્રમે સપ્તસૂરી સંધ્યાનો ૮૧મો જૂના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા.૧૭ એપ્રિલ (રામનવમી) ના દિવસે સંસ્થાનાં રંગમંચ પર યોજાઈ ગયો. જૂનાં હિન્દી ફિલ્મીગીતો સાંભળવા ૨૦૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતા.

• શિશુવિહાર બુધસભાના ઉપક્રમે 'ઈતની સી બાત' સુરમયી વાણીનો કાર્યક્રમ તારીખ ૨૧ એ વાનાણી હોલમાં યોજાયો. જેમાં શ્રી પારુલ મનીષ તથા સોહની ભટ્ટના મધુર સ્વરમાં ગોરખનાથ, ગંગાસતી, રાહુલ ફકીર, રાજા માનસિંહ, નરસિંહ, મીરાં, બુલ્લેશાહની રચનાઓ રજૂ કરી હતી. નચિકેતા ટ્રસ્ટના વસુંધરાની વાણી પ્રોજેક્ટ અંતર્ગત યોજાએલ કાર્યક્રમમાં શ્રી ધ્રુવ ભટ્ટ, ડૉ.વિનોદ જોશી, ડૉ. મહેન્દ્રસિંહ પરમાર તથા ભાવનગરના ૧૫૦ થી વધુ રસીકો સાહિત્ય ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની આભારવિધિ ડૉ.માનસી ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

• શ્રી કેતનભાઈ આવસત્થી પરિકલ્પના આધારિત નટરાજ કલા સંસ્થાનો 'એક સાંજ આપની સાથે' નો ૧૫૭મો કાર્યક્રમ 'તેરા સાથ હે તો' ભાગ -૪ શિર્ષક અંતર્ગત જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા. ૨૮ એપ્રિલે સંસ્થાનાં રંગમંચ પર યોજાઈ ગયો. જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો આસ્વાદ માણવા ૧૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.

• ભાવનગરની જાણીતી સામાજિક સંસ્થા શિશુવિહારના ઉપક્રમે શાળાના વિદ્યાર્થીઓ માટે આપત્તિ નિવારણ તથા ફર્સ્ટએઈડ તાલીમ તા.૨૭ એપ્રિલના રોજ અમરેલી જિલ્લાના બાબાપુર ખાતે શ્રી સર્વોદય સરસ્વતી મંદિરના ૧૦૦ વિદ્યાર્થીઓને શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી અર્જુનભાઈ પરાડકર, શ્રી વિરેનભાઈ રાઠોડ, શ્રી અભિષેકભાઈ ગુજરીયા દ્વારા ઈમરજન્સી મેથડ, સ્ટ્રેચર, પાટા, ફર્સ્ટ એડ, દોરડાની વિવિધ ગાંઠ પ્રકારે આપત્તિ નિવારણ સ્થિતિમાં પ્રાથમિક સારવારની સમજ પ્રત્યક્ષ નિર્દશન દ્વારા આપવામાં આવેલ. શાળાના શિક્ષકોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાએલ કાર્યક્રમનું સંકલન શ્રી હરેશભાઈ ભટ્ટ તથા શ્રી હીનાબહેન ભટ્ટે કર્યુ હતું.

## શુભેચ્છકો લખે છે

**• પ્રા.પ્રવીણચંદ્ર ઠકકર (પૂર્વ નિયામક લોકભારતી)**

ગુજરાતમાં સામાજિક સંસ્થાઓ અનેક છે પણ સમાજને શાણો અને સ્વસ્થ બનાવવાના સ્પષ્ટ ઉદ્દેશ સાથે પ્રવૃત્ત હોય તેવી સંસ્થા શિશુવિહાર છે તેની પ્રતીતિ સતત થાય છે. સંસ્થાનું મુખપત્ર શિશુવિહાર ૩૨ પાનામાં કેટકેટલા સંદેશ લઈને આવે છે. હોળી પર્વની ઉજવણી પરંપરાગત રીતે નહી પરંતુ ડૉ.પ્રદીપભાઈ, હરેશભાઈ ભટ્ટ અને વર્ષાબહેન જેવા ચરિત્રોનું સન્માન કરીને દરેક વિભાગના અહેવાલો પ્રેરણાદાયી બને છે. સવિશેષ એપ્રિલ ૨૦૨૩થી ભાવનગરની ૨૭૨ આંગણવાડીઓના ૪૬૧૮ બાળકોએ જે જીવનશિક્ષણની તાલીમ પ્રાપ્ત કરી તેના શિક્ષકો, વાલીઓના પ્રતિભાવ આ કાર્યક્રમની સાર્થકતા સૂચવે છે. શ્રી માનભાઈ વયાખ્યાનમાળા નિમિત્તે પૂ. મોરારિબાપુની સંવેદના અને દાનના અનુબંધની ચર્ચા કેટલી ઉપકારક છે. સૌને અભિનંદન.

**• શ્રી કુસુમબેન દવે (ન્યુયોર્ક-અમેરિકા)**

શિશુવિહાર એટલે માનભાઈ અને માનભાઈ એટલે શિશુવિહાર. એક સિક્કાની બે બાજુની જેમ જોડાએલા છે અને એટલે જ આજે પણ શિશુવિહારને યાદ કરતાં સૌથી પહેલાં પૂજ્ય ભાઈની છબી જ સામે આવીને ઉભી રહી જાય. અને તોયે આજે કહેવું પડે કે શિશુવિહારનાં સર્જનનું કાળજી-પૂર્વક જતન કરનાર અને લોકોને સ્વૈરવિહાર કરાવનાર ઈન્દાબહેન, હરેશભાઈ, નિર્મોહી અને ભાઈનાં સર્જનને દીપાવનાર અખંડજ્યોત ચાલુ રાખનાર નાનકભાઈને ખૂબ અભિનંદન, શિશુવિહારને મદદ કરનાર બધા કાર્યકરોને ખૂબ અભિનંદન.

**• કવિ ધ્રુવ ભટ્ટ (સાહિત્યકાર અમદાવાદ)**

આ સારી વાત થઈ. શિશુવિહારને અનેકવિધ સામાજિક પ્રકલ્પો

આપી ઘણું જીવંત અને જાગતું રાખો છો તેની મોજ.

**• શાંતિલાલ ગઢિયા (વડોદરા)**

માસિક પત્રિકા દ્વારા શિશુવિહારની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મળે છે. સાચે જ, શ્રેયસ્કર વિચારનું બળ અમાપ છે. એની પ્રવૃત્તિ છે ક્રિયાન્વિત થવાની. અચરજની વાત છે કે એ ક્રિયાનો ઉત્સાહવર્ધક પડઘો પડતાં પુનઃ પેલા વિચારની આબોહવા પ્રસરે છે. આવી રમ્ય છે વિચારલીલા. શિશુવિહારના યજ્ઞકાર્યની મૃદુ સુગંધ તેનો પુરાવો છે. અસ્તુ..

**• શ્રી રતિલાલ બોરીસાગર : સાહિત્યકાર (ગુજરાત)**

નર્મદા નદીને કાંઠે કબીરે દાતણની એક ચીર નાખી તેમાંથી મોટો જબરો કબીરવડ ઊગી ગયો! આ વાત જ્યારે સાંભળીએ છીએ ત્યારે ચમત્કાર થયો હોય એવું લાગે છે. ગાંધીયુગમાં તો આવા અનેક ચમત્કારો થયા, તેમાંનો એક ચમત્કાર શિશુવિહારની સ્થાપનાનો છે. પોતાને લોઢાકૂટ મજૂર તરીકે ઓળખાવનાર પૂ.માનભાઈ અને તેના આનંદમંગળ મંડળના મુઠ્ઠીભર ગાંધીવાદી શ્રમજીવી મિત્રોએ જાતમહેનતથી બનાવેલ એક હીંચકો ઊભો કરીને શિશુવિહારની સ્થાપના કરી. એ દિવસ હતો દિવાળીનો અને સાલ હતી ૧૯૩૯. ધણીધોરી વગરની ખરાબાની જગ્યામાં રાખેલ એક હીંચકામાંથી દસહજાર ચોરસવાર વિશાળ જમીન ઉપર ફસાયેલું, નિષ્કામ જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતુ શિશુવિહાર કેવી રીતે બન્યું તેનો ઈતિહાસ ઘણો રસિક અને રોમાંચક છે. આજના શિશુવિહારના મૂળમાં શિશુઓ મુક્ત રીતે રહી શકે, રમી શકે અને વિકસી શકે તેવી શુભ ભાવના રહેલી છે. મું.માનભાઈને કોઈએ પૂછ્યું: તમને શિશુવિહારની સ્થાપના કરવાનું કેવી રીતે સૂઝ્યું? માનભાઈએ પટ દઈને જવાબ આપ્યો: નાનપણમાં હું રાણીકામાં લીમડીવાળી સડકે રહેતો. ત્યાં અમને રમવાની છૂટ ક્યાંય ન મળે? છાનામાના ભેગા થઈને છોકરાંઓ રમવાનું શરૂ કરીએ ત્યાં જેના ઘર પાસે રમતાં હોઈએ તે અમને કાઢી મૂકે.ઘાંટા પાડીને ગાળો દે. રમવા માટે આવા અપમાનો સહન કરતી વખતે આંતરમનમાં એક ગાંઠ વળેલી કે મોટા થઈને બાળકો કશી જ રોકટોક વિના મુક્ત મને ખેલી કૂદી શકે તેવું ક્રીડાંગણ કરીશ. મારૂં બાળપણનું આ સ્વપ્નું શિશુવિહાર દ્વારા સિદ્ધ થયું. ગિજુભાઈ બધેકાએ લત્તે લત્તે અને ગામે ગામે બાલક્રીડાંગણો કરવાની જેહાદ જગાડી તેમાંથી પણ ઘણી પ્રેરણા મળી.શિશુવિહાર ક્રીડાંગણની સ્થાપના થઈ તે પહેલાં ભાવનગરની રાણીકા કરચલીયા પરા ના અત્યંત પછાત વિસ્તારમાં બજરંગ વ્યાયામ શાળાની સ્થાપના કરી. ત્યાં પણ કોઈને પૂછ્યાં વિના જ કે જમીનનો કાયદેસર કબજો મેળવ્યા વિના જ ખારવાળી ખુલ્લી જગ્યામાં ક્રીડાંગણનાં સાધનો અને રમતનું મેદાન ઊભું કરી, બાળકોને રમાડવાનું શરૂ



કરેલ. આ સ્થળે માનભાઈ અને તેના મજૂર મિત્રો શ્રમયજ્ઞ કરી રહયા હતા ત્યારે સૌરાષ્ટ્ર રાજયના મુખ્ય પ્રધાન માનનીય ઢેબરભાઈ પધારેલા. તેઓની સમક્ષ બજરંગ વ્યાયામ શાળા માટે કાયદેસર પ્લોટ મળેલ નથી એ વાત રજૂ થતા તેઓએ કહેલું કે આવાં સારા કામ માટે સરકારે સામે ચાલીને જમીન આપવી જોઈએ. પછી તરત જ તેઓએ આ વ્યાયામ શાળાને જોઈએ તેટલી જમીન આપવા હુકમ કરેલ. સમય જતાં સરકારી મજૂર કલ્યાણ કેન્દ્રની પણ આ સ્થળે સ્થાપના થઈ. ભાવનગર રાજ્યના ફેરી બંદર ઉપર કોલસા ભાંગનાર મજૂર તરીકે કામ શરૂ કરીને કારખાનાના ફોરમેન સુધી આગળ વધેલ. લુહારી કામના અનુભવી નિષ્ણાત શ્રી માનભાઈએ ક્રીડાંગણના અનેકજાતના અવનવા લોખંડના મજબૂત,સારાં અને સસ્તાં સાધનો બનાવવાનો વિગતવાર પ્લાન તૈયાર કર્યો. કાળજીપૂર્વક દરેક સાધનના ચોકક્સ માપવાળાં ચિત્રો તૈયાર કર્યાં. દરેક સાધનની સમજણ આપતાં લખાણો તૈયાર કર્યાં,અને પછી તેનું ‘ચલો ક્રીડાંગણ’ નામનું આજની ઘડી સુધી અદ્વિતીય પુસ્તક હિંદી રાષ્ટ્રભાષામાં પ્રગટ કર્યું. આ પુસ્તક ભારતનાં બધાં રાજ્યોના ફીઝીકલ એજ્યુકેશન વિભાગને ભેટ મોકલ્યું. પંજાબમાં તેમજ અન્ય કેટલાંક રાજ્યોમાં આ પુસ્તકને આધારે વેપારી ધોરણે ક્રીડાંગણનાં સાધનો બનાવવાનું શરૂ થયું. શિશુવિહારના શુભેચ્છક અને શ્રી માનભાઈનાં સાથી સ્વ.શ્રી વ્રજલાલ ડુંગરશી રાઠોડની કંપનીએ ચલો ક્રીડાંગણની યોજના મુજબના ૧૦૮ ક્રીડાંગણોનાં સંપૂર્ણ સાધનો બનાવવાનો દઢ સંકલ્પ કર્યો અને પડતર કિંમતે આટલાં બધાં ક્રીડાંગણોને શ્રેષ્ઠ સાધનો પૂરાં પાડયાં.

આ તો થઈ ક્રીડાંગણના સાધનોની વાત. પરંતુ ક્રીડાંગણનું સફળ સંચાલન કરવાની શ્રી માનભાઈની રીત પણ અનોખી અને અનેરી છે. એનો ખ્યાલ તો નજરે જોવાથી જ આવી શકે. કોઈ પણ જાતના ભેદભાવ સિવાય, એક પણ પૈસાની પ્રવેશ ફી વિના, સેંકડો બાળકો મુક્ત મને અને રોકટોક વિના સવાર-સાંજ રમે છે. બાળકને રોટલીની ભૂખ કરતાં રમતની ભૂખ વધારે હોય છે. અહીં બાળકને તૃપ્તિ થાય એટલું રમવાની તક અને છૂટ મળે છે. સાંજે રમવા આવનાર નાનાં-મોટાં દરેકને આયુર્વેદની ઉત્તમ ઔષધિઓમાંથી બનાવેલ ઉકાળો મફત મળે છે. શ્રી માનભાઈ દરવાજે બેસીને રમવા આવનારાં બાળકોનાં નખ નિયમિત કાપી દે છે આજ સુધીમાં લાખો બાળકોના નખ કાપવાથી ફાવટ એવી આવી ગઈ છે કે મા-બાપ સાથે રમવાં આવતાં નાના બાળકો પણ દોડતાં આવીને, હાથ ધરીને સામે ઉભા રહી જાય છે. પતરા કાપવાની એક નાની કાતરને માનભાઈએ છેલ્લા ૨૫ વરસોથી નખ કાપવાની કાતર બનાવી છે. હજામનાં અસ્ત્રાની જેમ, પણ

શ્રી માનભાઈ બ્રાહ્મણ છે એટલે બ્રાહ્મણની જનોઈની જેમ આ કાતરને પણ તેઓ પોતાની ઝોળીમાં કાયમ સાથે રાખે છે. બાળકના નખ કાપી લીધા પછી તેની પૂર્ણાહુતિ જાહેર કરવા તેઓ દરેક બાળકને નમ્રતાથી અચૂક નમસ્કાર કરે છે. જાણે કહેતા ન હોય કે :‘‘હે બાળદેવ, તમારા નખ કાપવાની અલ્પસેવા કરવાની તક આપીને તમે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે.’’ ક્રીડાંગણ તો શિશુવિહાર અને તેના સંચાલક શ્રી માનભાઈ માટે રમનાર અને રમાડનાર બંનેના જીવનવિકાસની અનોખી અનંત સાધના છે.

- **ડૉ.માનસીબહેન ત્રિવેદી (સંયોજક બુધસભા)**

આભાર માનવાનો જ ન હોય શિશુવિહાર તો મારી પોતીકી સંસ્થા છે. તેની સાથે જોડાઈ રહેવું અને તેની સાથે કામ કરવું ખૂબ ગમે છે. ખુબ સારા સારા કાર્યક્રમો ભવિષ્યમાં પણ કરવા છે. ભવિષ્યમાં પણ હું જેટલો સમય અને શક્તિ બુધસભા માટે આપી શકું એવો ચોકકસ પ્રયત્ન કરીશ. શિશુવિહાર પરિસરમાંથી નેતૃત્વના ઘણા ગુણો હું શીખી છું. સંસ્થા દ્વારા બુધસભા માટેના સારા અને ઈનોવેટિવ વિચારોને વધારવામાં આવે છે. સાહિત્યના અવનવા પાસા વિકસાવવા માટે હંમેશા પ્રેરણા મળતી રહે છે તે સૌથી વધુ આનંદની વાત છે. ભવિષ્યમાં પણ મારી સેવાઓનો લાભ શિશુવિહારને આપવો ગમશે.

- **શ્રી ઈન્દાબહેન ભટ્ટ (મંત્રી-શિશુવિહાર)**

તા.૨૧-૪-૨૪ ની સાંજ જીવનભર યાદ રહી જાય તેવી રહી. ઈતની સી બાત, સુરમય વાણીની સાંજ કાર્યક્રમના આયોજકોને અને મુખ્ય સૂત્રધાર શ્રી ધ્રુવભાઈ ભટ્ટને વંદના. મને તો આ કાર્યક્રમમાં જાણે કે ભગવાનના ફરીશતાઓ આવીને ગાતા હોય એવો અનુભવ થયો. કલાકારોને પણ ધન્યવાદ. માત્ર તબલા, હાર્મોનિયમ, કરતાલ અને એકતારા સાથે ગીત, ભજન રજૂ થયા તે અદ્‌ભૂત હતા. પુષ્કળ વાદ્ય- સાધન વિના પણ કેટલી સુંદર રજૂઆત થાય છે તે આ કલાકારોએ તાદ્‌શય બતાવ્યું. કલાકારો કહી ગયા છે કે મનુષ્ય જન્મ ફરી હાથ લાગવાનો નથી અને સાચું સુખ રામ ભજનમાં છે તે સત્ય છે. શિશુવિહારમાં સંગીતના કાર્યક્રમ ખૂબ થાય છે. લોકો પણ ખૂબ આવે છે. પણ આજના કાર્યક્રમમાં જે નથી આવ્યા તેઓએ બહું મોટું ભાથું ગુમાવ્યું છે. શ્રી ધ્રુવભાઈને નમ્ર વિનંતી કરું છું કે ફરી આવો કાર્યક્રમ અનુકુળતાએ શિશુવિહારમાં કરે.







# સ્વરાજયની શાળા શિશુવિહાર

## વર્ષ ૧૯૯૮માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ)




### જાન્યુઆરી

**સંસ્થાના ટૂંકા સમાચારઃ** તાત્કાલિક સારવાર: અકસ્માત યુગમાં તાત્કાલિક સારવારની તાલીમ અત્યંત આવશ્યક છે. અનેકવિધ અકલ્પનીય અકસ્માતોની હારમાળા વધતી જાય છે. શિશુવિહારમાં ૧૯૫૫થી સેન્ટ જોન એમ્બ્યુલન્સ (દિલ્હી)ના ફર્સ્ટ એઈડના વર્ગો ચાલે છે. ૯૯૫ તાલીમ થકી ૪૨૩૩૭ તાલીમાર્થીઓએ તેના પ્રમાણપત્રો મેળવ્યા છે. સંસ્થાના નિયમિત વર્ગો ઉપરાંત જુદા જુદા ઉદ્યોગ સંસ્થામાં જઈને પણ ફર્સ્ટ એઈડના વર્ગો લેવાય છે.લાર્સન એન્ડ ટૂબ્રો, એલ.એન્ડ ટી.ના ઓફીસર દરજજાના ભાઈઓનો એક વર્ગ સંસ્થાના ફર્સ્ટ એઈડ ઈન્સ્ટ્રક્ટર શ્રી રઘુભા જાડેજાએ લીધો હતો. એવો જ એક બીજો વર્ગ ભાવનગર એરપોર્ટ ઉપર ભારત પેટ્રોલીયમ કોર્પોરેશનના સ્ટાફ માટે શ્રી રવીન્દ્રભાઈ જાનીએ ચલાવ્યો.

### ફેબ્રુઆરી

**સ્વરાજ :** મારા માટે તો સ્વરાજની પ્રવૃત્તિ એ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છે. સત્યને, એટલે ઈશ્વરને છોડીને હિન્દુસ્તાનનું ભલું નથી ચાહતો. કારણકે મને ખાતરી છે કે જે માણસ ઈશ્વરને ભુલી શકે છે તે દેશને પણ ભુલી શકે છે. આપણી પડતીનાં કારણો તપાસતાં જણાશે કે તેમાં પરદેશી સરકાર કરતાં આપણો હાથ વધારે છે. આપણામાં સડો ઓછો થવાનો નથી. એ બધી બાબતોનો નિકાલ કરતાં આવડે એનું જ નામ સ્વરાજ. સ્વરાજનો અર્થ જ પુરુષાર્થ છે. છાતીમાં ગોળી ખાવી એ એટલું કઠણ કામ નથી,પણ રોજે રોજ કામ કરવું, ક્ષણે ક્ષણે પોતાની સાથે લડાઈ કરવી, પોતાની આત્મશુદ્ધિ કરવી,એ કઠણ કામ છે. કેટલાક લોકો અધિકારની લગામ પોતાના હાથમાં લઈ લે તેથી નહીં,પણ અધિકારની સામે થવાની શક્તિ બધા લોકો મેળવે તેથી જ ખરુ સ્વરાજ મળવાનું છે. જીવનની એકએક બાબતના નિયમન માટે લોકો સરકાર તરફ જ તાકતા રહે તો એવી સરકાર દુઃખરૂપ જ બનશે.

સ્વરાજનો અર્થ છે સરકારના અંકુશમાંથી સ્વતંત્ર થવાનો સતત પ્રયાસ. પછી એ સરકાર પરદેશી હોય કે રાષ્ટ્રીય. - (ગાંધીજી)

**સંસ્થાના ટૂંકા સમાચાર:** તા.૭ થી ૧૧ ડિસેમ્બર દિલ્હીમાં યોજાયેલ રાષ્ટ્રપતિ પુરસ્કાર એવૉર્ડ વિતરણ પ્રસંગે સંસ્થાની ગાઇડ, રિદ્ધિ પટેલ અને ફોરમ દિક્ષીત ગયેલ. રિદ્ધિ પટેલે રાષ્ટ્રપતિ કે.આર.નારાયણને હસ્તે એવૉર્ડ પ્રાપ્ત કરેલા. આ ઉપરાંત અવનિ ભટ્ટ અને નિકિતા ભટ્ટને પણ એવૉર્ડ એનાયત થયેલ.

**સ્વાગતમ્:** ૧૯૯૮માં નીચેના ચાર શુભેચ્છકો સંસ્થા પરિવારમાં આજીવન સભ્ય તરીકે જોડાયા છે. તેઓનું હાર્દિક સ્વાગત કરીએછીએ. (૧)શ્રી મૂળજીભાઇ મણિલાલ પારેખ(સોલાપુર) (૨)શ્રી પ્રદીપભાઇ મૂળજીભાઇ પારેખ(બેંગ્લોર) (૩)શ્રી.પ્રતિમાબેન કિરણભાઇ મહેતા(મુંબઇ) (૪)શ્રી નરેશભાઇ શાંતિલાલ શાહ(દીવ) શિશુવિહાર પરિવારના સભ્ય તરીકે દાખલ થવાનું લવાજમ: સમભાવી સભ્ય રૂ.૫૦૦૧, ઉપસમભાવી સભ્ય રૂ.૨૫૦૧, આજીવન સભ્ય રૂ. ૫૦૧. સંસ્થાની પ્રવૃત્તિઓ સાથેનો સંપર્ક કાયમ જળવાઇ રહે તે માટે સંસ્થાની આચાર - વિચારયુક્ત માસિક પત્રિકા શિશુવિહારના દરેક સભ્યને મોકલવામાં આવે છે.

૧૯૯૭ના વરસમાં ભાવનગરની રેડક્રોસ શાખાને ૧૦૮ ચક્ષુદાન અને ૧૫ દેહદાન મળ્યા છે. રેડક્રોસ દ્વારા અંધજનોને દેખતાં કરવાના-કોર્નિયોગ્રાફટીંગના સાત સફળ ઓપરેશનો થયા છે. વરસ દરમિયાન ચક્ષુદાનના ૧૪૫ અને દેહદાનના ૨૦ વસિયતનામા નોંધાયા છે. ભાવનગરની સંસ્કારી અને પરોપકારી જનતાને ધન્યવાદ.-ડૉ.નિર્મળ વકીલ (માનદ મંત્રી, રેડક્રોસ.)

**બુધસભા :** શિશુવિહાર બુધસભામાં રજૂ થયેલાં કાવ્યોનો બીજો સંગ્રહ 'નીરક્ષીર-૨' પ્રગટ થયેલ છે. તેની લોકાર્પણવિધિ આકાશવાણી રાજકોટના નિર્દેશક શ્રી વિજયભાઇ દિક્ષિતના વરદ હસ્તે થઇ. અતિથિવિશેષ પદે સાવલી (વડોદરા)ની કોલેજના ગુજરાતી વિભાગના વડા કવિ શ્રી જયદેવભાઇ શુકલ પધાર્યા હતા. આ પ્રસંગે મહેમાન કવિઓ તથા સ્થાનિક કવિમિત્રોના મુશાયરાની મહેફીલ જામી હતી.

## માર્ચ

**શિશુવિહારનું સન્માન:** મુંબઇની ઉત્તર વિભાગની રોટરી કલબ તરફથી તારીખ ૨૬ ફેબ્રુઆરીએ મહાત્મા ગાંધીજીના મુંબઇના ઐતિહાસિક રહેણાંક 'મણિભવન'ના સંચાલક પદ્મશ્રી ઉષાબહેન મહેતાનું તથા શિશુવિહાર સંસ્થાનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે એનાયત થનાર એવોર્ડ સ્વીકારવા સંસ્થા વતી મું.માનભાઇ જાતે હાજર રહે તેવી રોટરી કલબના સંચાલકોની ખાસ ઇચ્છા હતી. ૯૧ વરસની ઉંમરે પણ મું. માનભાઇએ આ નિમિત્તે મુંબઇની ટૂંકી મુલાકાત લીધી. તેથી સંસ્થાના અનેક શુભેચ્છકોને રૂબરૂ મળવાનો લાભ મળ્યો. ઉપરાંત ગાંધીજીના 'મણિભવન'ની મુલાકાતનો પણ લાભ મળ્યો. આ કાર્યક્રમ યોજવા બદલ રોટરી કલબ અને તેના સંચાલકોને ધન્યવાદ.

## એપ્રિલ

**ઉપદેશ નહીં પણ આચરણ:** ઉપદેશમાં એક પ્રકારનો ઠપકો પણ છુપાયેલો હોય છે. ભલે આપણે ભાષા નરમ વાપરીએ અને હાવભાવમાં પ્રેમ બતાવવાનો પ્રયત્ન કરીએ, તેમ છતાં તમારુ વર્તન ખોટું છે, તમને સમજણ પડતી નથી, તમને આવડતું નથી એવો દોષ દર્શનનો ભાવ ઠપકામાં રહેલો છે. આવું સાંભળવું કોને ગમે? બાળકને તો ન જ ગમે. એટલે મા-બાપે ઉપદેશ અને ઠપકાનો રસ્તો ન જ લેવો. સાચો અને રામબાણ ઇલાજ તો એ જ છે કે આપણે મોટા જાતે યોગ્ય વર્તન કરીને બાળકોને દૃષ્ટાંત પૂરું પાડીએ : (જુગતરામ દવે)

**સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય:** સંસ્થાની નિષ્કામ જનસેવાની અનેક પ્રવૃત્તિઓના યોગક્ષેમ માટે શુભેચ્છકોના સ્વૈચ્છિક દાનનું પવિત્ર ઝરણું સદાય વહેતું રહે છે. રૂ. ૨૫,૦૦૦/- પૂજ્ય સ્વામી જ્ઞાનજીવનદાસજી મહારાજ. સ્વામિનારાયણ મંદિર, ખોપાળા.પ્રભુકૃપા નેત્રયજ્ઞનું આયોજન કરવા માટે મળ્યું છે. આભાર.

**સંસ્થા સમાચાર:** સામાન્ય સભા : શિશુવિહાર સંસ્થાની ૧૯૯૮થી ત્રણ વર્ષ માટેની કારોબારી સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં (૧)ડૉ.નિર્મળભાઇ વકીલ (૨)શ્રી માનભાઇ ભટ્ટ (૩)પ્રા.શ્રી તખ્તસિંહજીભાઇ પરમાર (૪)ડૉ.શ્રી મુકુન્દરાય જી.દેસાઇ (૫)શ્રી ધનવંતરાયભાઇ વાંકાણી (૬)શ્રી અનિલભાઇ શ્રીધરાણી (૭)શ્રી રવીન્દ્રકુમાર જાની (૮)શ્રી મહેશભાઇ ભટ્ટ (૯)શ્રી હરેશભાઇ ભટ્ટ (૧૦)શ્રી ઇન્દાબેન ભટ્ટ (૧૧)શ્રી રાજેન્દ્રભાઇ ઇન્દુભાઇ દવે (૧૨)શ્રી પ્રમોદચંદ્ર એસ.ભટ્ટ સર્વે સહમતીથી ચુંટાઇ આવ્યા છે.

## મે

મનુષ્ય પોતાનાં શરીર અને બુદ્ધિને લોકસેવા અર્થે ન વાપરે તે ચોર ઠરે છે. તે મોક્ષને લાયક નથી બનતો. કેવળ બુદ્ધિ શકિતનો ઉપયોગ કરે

અને શરીર તથા આત્માને ચોરે તે પૂરો સેવક નથી થઈ શકતો, તેથી આત્મશુદ્ધિ વિના લોક સેવા અસંભવિત છે. સેવકે શારીરિક, બૌદ્ધિક અને આત્મિક શક્તિઓ સરખી રીતે કેળવવી રહી. પરોપકારવૃત્તિથી અપાયેલું દાન પણ જો જ્ઞાનપૂર્વક ન અપાયું હોય તો ઘણીવાર હાનિ કરે છે, એ કોણે નથી અનુભવ્યું? સારી વૃત્તિથી થયેલાં બધાં કર્મ ત્યારે જ શોભે જ્યારે તેની સાથે જ્ઞાનનો મેળાપ થાય. તેથી કર્મ માત્રની પૂર્ણાહુતિ તો જ્ઞાનમાં જ હોય. - (માનભાઈ ભટ્ટ)

**પ્રભુકૃપા નેત્રયજ્ઞ:** શ્રીમતી સૂર્યાદેવી મૂળરાજસિંહ રાણાનાં સ્મરણાર્થે બાવનમો નેત્રયજ્ઞ તા.૧૮ થી ૨૩ એપ્રિલ સુધી શ્રી મનુભા વખતસિંહ રાણા ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી થયો. આ ટ્રસ્ટ તરફથી છેલ્લાં પાંચ વરસથી દર વરસે નેત્રયજ્ઞ થાય છે. આ વખતના નેત્રયજ્ઞમાં કુલ ૧૩૧૬ દર્દીઓને તપાસવામાં આવ્યા. યોગ્ય નિદાન કરી દરેકને જરૂરી દવા આપવામાં આવી. ૨૭ બહેનો અને ૪૩ ભાઈઓને મોતિયાનાં ઓપરેશન થયા. ઉપરાંત ૯ મોતિયાના દર્દીઓને નેત્રમણિ મુકાવવા સર તખ્તસિંહજી સીવીલ હોસ્પિટલમાં દાખલ કર્યા. નબળી આંખોવાળા ૩૬ દર્દીઓને આંખના નંબર કાઢીને ચશમાં આપવામાં આવ્યા હતા. જૂન ૧૯૯૮ થી બાલમંદિરમાં દાખલ થનાર નવાં બાળકોને હેળવવાનો ખાસ વર્ગ તા. ૨૫ મે થી ૨ જૂન ૯૮ સુધી ચાલશે. તેમાં બાળકને જરૂર મોકલજો.

**અનુભવ વર્ગ:**બાળકો સાથે કેવી રીતે રહેવું તેનો અનુભવ લેવાનો પાંચ માસનો ૩૪મો વર્ગ જૂન ૧૯૯૮ થી શરૂ થશે. તેમાં ૧૨ ધોરણ, પ્રી-પીટીસી તથા પીટીસી પાસ બહેનોને ઈન્ટરવ્યુ લઈને દાખલ કરવામાં આવે છે. પસંદગી પામેલાં બહેનોને દર મહિને રૂ.૨૨૫ શિષ્યવૃતિ તથા રૂ. ૨૦ ગણવેશના મળે છે.દર વરસે ઉનાળાનું લાંબુ વેકેશન શરૂ થાય તેની સાથે જ શિશુવિહારમાં રચના હોબી સેન્ટર દ્વારા બાળકો માટે ચિત્રવર્ગ, હસ્ત ઉદ્યોગ વર્ગ, વાર્તા વર્ગ, માટીનાં વાસણો શણગારવાના વર્ગ રખાયા હતા. તેનું સફળ સંચાલન ઈન્દાબેન તથા અવનિબેને કર્યું હતું.આ વિવિધ વર્ગોનો ૪૦૦ જેટલાં બાળકોએ લાભ લીધો.ઉપરાંત અંગ્રેજીના વર્ગો સર્વોપયોગી ઈલેક્ટ્રીક રીપેરીંગના વર્ગો તથા જીવન ઘડતરનાં વર્ગો પણ ચાલ્યા હતા.

## જૂન

**શિશુવિહારનાં બે પ્રકાશનો:** (૧) માનવજીવન અને પ્રાકૃતિક સારવાર : લેખક પ્રા.ડૉ.ઉમાકાંત જોષી. સાત્વિક કુદરતી ઈલાજો બતાવનારી પુસ્તિકા. ટાઈટલ સાથે ક્રાઉન ૧૬ પેજીના ૩૪ પાનાં. પડતર કિંમત રૂ.૪ (૨) ચિંતનિકા :જાણીતા કેળવણીકાર, ઘરશાળા સંસ્થાના સ્થાપક શ્રી હરભાઈ ત્રિવેદીનાં પુસ્તકોમાંથી સત્વરૂપે તારવેલાં સૂત્રો. ટાઈટલ સાથે ક્રાઉન ૧૬ પેજીના ૩૨ પાનાં. પડતર કિંમત રૂ. ૪



**વિધવા સહાય:** સ્વ.હોમીભાઈ કોચબિલ્ડર અને કસ્તુરબા વિધવા સહાય યોજના નીચે દર વર્ષે શિશુવિહારમાં વિધવા બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. મેં માસમાં જે વિધવા બહેનો અંબર ચરખો ચલાવીને રોજી-રોટી કમાતી હોય તેવાં ૨૪ બહેનોને કુલ રૂ. ૪૨૦૦ની પ્રોત્સાહક સહાય આપેલ છે.

## જુલાઈ

**શિશુવિહાર એટલે માનભાઈ બંને એકબીજાના પર્યાય:** શ્રી માનભાઈ ભટ્ટ અને એમણે સર્જેલી, પાળેલી,પોષેલી અને વડલાની જેમ ઘેઘૂર વિકસાવેલી સંસ્થા 'શિશુવિહાર' માટે વાતચીત કરતા પહેલાં વાચકનું ધ્યાન દોરીએ છીએ કે શિશુવિહાર સંસ્થાના મુખ્ય સંસ્થાપક અને જનકે તો કહેવાતી ઉમદા કેળવણી લીધા વગર જ જિંદગીભર ભાવનગરનાં કારખાનાઓમાં લોઢાકૂટ મજૂરી જ કરી છે, પણ સ્વભાવે તરંગી, કલ્પનાશીલ અને ઉદાત્ત ભાવનાવાળા એટલે પોતાના ગજાનો વિચાર કર્યા વિના જ તેમના સ્વપ્નાઓને સાકાર કરવા મથામણ આદરે, પ્રચંડ પુરુષાર્થ અને આત્મબળથી તેમાં પાર ઊતરે અને 'બહુજનહિતાય' પોતાની પ્રવૃત્તિઓને વહેતી મૂકી દઈ પોતે કેવળ નિમિત્તરૂપ બની નેપથ્યમાં ચાલ્યા જાય. ન કોઈના ઉપર ઉપકાર કર્યાની ભાવના,કે ન કોઈની પ્રશંસા ઉઘરાવવાની લાલચ! કેવળ શ્રદ્ધા અને કર્તવ્યનિષ્ઠાની લગામ લઈને પોતાના કર્મરૂપી અશ્વને આગળ આગળ ધપાવ્યે જ રાખે. આવી નિસ્પૃહ સેવાયજ્ઞની સૌરભથી શિશુવિહાર સંસ્થાની સુવાસ ભારતમાં જ નહિ પણ વિદેશોમાં વસતા ગુજરાતીઓમાં પણ પ્રસરેલી છે.શ્રી માનભાઈ ભટ્ટ એક અલગારી જીવ છે - અને સતત કામ,કામ અને કામની પાછળ જ ખાઈપીને લાગ્યા રહેનાર એક સત્યનિષ્ઠ કર્મવીર. સમાજનો સાચો સેવક અને માર્ગદર્શક અને ભેરૂ છે. આજે ૯૧ વર્ષની ઉંમરે પણ એ એટલા જ કાર્યરત રહે છે. એમનો એક જ મંત્ર છે. - 'સેવા' અને એક જ ધગશ છે કે વધુમાં વધુ લોકોને મદદરૂપ થવું અને વધુમાં વધુ લોકોના સાચા રાહબર બનવું. એમાં લગીરે પોતાના નામની સહેજ પણ વાહવાહીનો છાંટોયે પણ જોવા ન જ મળે. શ્રી માનભાઈ ભટ્ટની જનર નીચે અને વડપણ નીચે શિશુવિહારમાં કેટકેટલી પ્રવૃત્તિઓ ચાલે છે! અધધધ કહી શકાય એટલી બધી વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ! આટલી બધી પ્રવૃત્તિઓને શ્રી માનભાઈ કેવી રીતે પહોંચી વળતા હશે એ કલ્પનામાંયે આવતું નથી. આટલી બધી પ્રવૃત્તિઓ એકલા હાથે જ કરવી, અને બધીયે પ્રવૃત્તિઓ નખશીખ સંપૂર્ણ કહી શકાય એવી ટકોરાબંધ પ્રવૃત્તિઓ ચલાવવી એ કંઈ નાનું સૂનું કામ નથી. આવા મૂઠી ઉંચેરા માનવીને અમારુ તો શીશ નમી જાય છે. (પ્રતાપરાય વ્યાસ)

## ઑગસ્ટ

**શ્રેષ્ઠ નાગરિક અને શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારંભઃ** તા.૨ ઓગસ્ટે આઠમો સન્માન સમારંભ થયો તેના અધ્યક્ષસ્થાને ભાવનગરના કલેક્ટર શ્રી રાજકુમાર તથા અતિથિ વિશેષ તરીકે શિક્ષણ સમિતિના પ્રમુખ શ્રી ભારતેન્દુભાઇ દવે પધાર્યા હતા. ૧૯૯૭-૯૮ના વર્ષનો શ્રેષ્ઠ નાગરિકનો એવોર્ડ સેવાભાવી હાડવૈદ્ય શ્રી કલ્યાણભાઈને તથા શ્રેષ્ઠ શિક્ષકનો એવૉર્ડ શાસ્ત્રીનગરની શાળા નં ૭ના આચાર્ય શ્રી રામજીભાઈને અર્પણ થયો. તે સાથે શ્રી કલ્યાણભાઈને પાટાપીંડીમાં કામ લાગે તેવાં સાધનો તથા શ્રી રામજીભાઈને રૂા. ૧૦૦૧નો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો.

**એનેટોમીના વિદ્યાર્થીઓને-શ્રી માનભાઇ ચંદ્રકઃ** રક્તદાન અને ચક્ષુદાન પછી દેહદાનની પુણ્ય પ્રવૃત્તિ ભાવનગરમાં શિશુવિહારે શરૂ કરી હતી. ૧૯૯૬ આજ સુધીમાં ૩૧૦ કરતાં પણ વધુ દેહદાન મેળવ્યા હતા. હાલમાં ભાવનગર રેડક્રોસ સંસ્થા પ્રવૃત્તિ ચલાવી રહી છે. ૧૯૯૬ સુધી ગુજરાતની મોટા ભાગની મેડીકલ કૉલેજોને, આયુર્વેદની કૉલેજોને તથા હોમિયોપેથીની કોલેજોને યુવાનનો દાક્તરી અભ્યાસ માટે તથા સંશોધન માટે શિશુવિહારે દેહદાન મોકલ્યા છે. આ સેવાની કદરરૂપે ગુજરાતની તમામ મેડીકલ કોલેજોના એનેટોમી (શરીરશાસ્ત્ર) વિભાગ માટે કાયમી ફંડ કર્યું છે. તેમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં એનોટોમીના વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને દર વરસે ''શિશુવિહાર-માનભાઈ ચંદ્રક'' એનાયત થશે.

## સપ્ટેમ્બર

**પીપરલામાં નેત્રનિદાન કેમ્પઃ** શિશુવિહાર તરફથી રવિવાર તા.૧૩-૯-૯૮ ના રોજ તળાજા તાલુકાના પીપરલા ગ્રામ સેવા સમાજના સહયોગથી પીપરલાની પ્રાથમિક શાળામાં નેત્રનિદાન કેમ્પ રાખવામાં આવેલ. **ભાવનગરની બે વસમી વિદાયઃ** શ્રી પ્રતાપભાઈ શાહના સુપુત્ર દીપકભાઈનો જીવનદીપ હૃદયરોગના હુમલાથી અચાનક ઓલવાઈ જતાં તેઓના સમગ્ર પરિવાર તેમજ 'સૌરાષ્ટ્ર સમાચાર' ના વિશાળ પરિવારને કદી ન પૂરાય તેવી ખોટ પડી છે. પ્રાથમિક શાળાના શિક્ષક માતાપિતાના તેજસ્વી સંતાન ડૉ.વિઠ્ઠલભાઇ પટેલના આકસ્મિક દેહાવાસનથી ગુજરાતને કૃષિક્ષેત્ર તથા અર્ધનડેમ ક્ષેત્રે એક આંતરરાષ્ટ્રીય પ્રતિભાશીલ વૈજ્ઞાનિકની ખોટ પડી છે.

## ઓકટોબર

**નૂતન વર્ષાભિનંદનઃ** શિશુવિહાર સંસ્થાના સભ્યો, શુભેચ્છકો, દાતાઓ, કર્મચારીઓ તેમજ સંસ્થાના નિષ્કામ જનસેવાના કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મદદ કરનારા સૌને વંદન સાથે નૂતન વર્ષના હાર્દિક અભિનંદન. આપને સૌને જણાવતાં આનંદ થાય છે કે, શિશુવિહાર સંસ્થા વિ.સં.૨૦૫૬માં સાઠમાં વર્ષમાં પ્રવેશે છે. ત્યારથી સંસ્થાનો હીરક મહોત્સવ શરૂ થવાને હજુ એક વર્ષની વાર છે, પરંતુ હીરક મહોત્સવ ઉજવવા અંગેના આપનાં સૂચનો સત્વરે અમને મોકલી આપશો.

**શિશુવિહારનો ૫૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ** શ્રી ઉર-આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટની ઉદાર સહાયથી તા.૩ થી ૮ ઓક્ટોબરે થયો, તેમાં ૬૪૦ દર્દીઓને તપાસીને બધાને વિનામૂલ્યે જરૂરી દવાઓ આપવામાં આવી. ૩૧ પુરૂષો તથા ૨૭ સ્ત્રીઓ મળી કુલ ૫૮ દર્દીઓના મોતીયા, વેલ,નાસૂર વગેરેના ઓપરેશન થયા.તેમાંના સાત દર્દીઓને નેત્રમણિ મુકાવવા સર તખ્તસિંહજી સિવિલ હોસ્પિટલમાં મોકલ્યા.

**જાહ્નવી સ્મૃતિઃ** પુણ્યાત્મા ભાગીરથી બહેન મહેતાની પુણ્યતિથિમાં શિશુવિહાર બુધસભાના ઉપક્રમે દરવરસે જાહ્નવી સ્મૃતિને નામે અનોખી રીતે ઉજવાય છે. તે દિવસે કવિ બહેનોનો મુશાયરો થાય છે. તેમાં ઉપસ્થિત રહેલ બહેનો પોતાનાં કાવ્યો સંભળાવે છે. પહેલા,બીજા અને ત્રીજા કાવ્યને રૂા.૨૫૦,રૂા.૨૦૦,રૂા.૧૫૦ના રોકડ ઈનામો ઉપરાંત રૂા. ૫૧નું એક પ્રોત્સાહન ઈનામ પણ અપાય છે. જાહ્નવી સ્મૃતિનું ચોથું પુષ્પ હમણાં જ પ્રગટ થયું છે. તેની પ્રસ્તાવનામાં કવયિત્રી શ્રીમતિ જ્યોતિબેન ગાંધી લખે છેઃ ''શિશુવિહારને આંગણે, બહેનોમાં કવિતાની કુંપળો કોળે તેને યોગ્ય માવજત મળે,એવી વિશેષ યોજનાના ભાગરૂપે જાહ્નવી સ્મૃતિના ચોથા પુષ્પનું સંકલન થઇ રહ્યું છે. સંખ્યા ભલે થોડી હોય પરંતુ કવિતા લખતી નાની-ઊગતી બહેનોએ ગજુ કર્યું છે તેની પ્રતીતિ અવશ્ય થશે.'' રક્ષાબંધનનો પવિત્ર તહેવાર દર વરસની જેમ ઉમંગભેર ઉજવાયો હતો. સ્કાઉટ ગાઇડના ભાઈઓ તથા બહેનોએ સાથે મળી રક્ષાબંધનનાં ગીતો ગાયાં.મુ. ઈન્દાબેને પ્રાસંગિક પ્રવચન કરી આ પર્વનું મહત્વ સમજાવ્યું.

## નવેમ્બર-ડિસેમ્બર

સંત ડૉ.શિવાનંદ અધ્વર્યુજીના દેહાવસાનથી (ભાઈબીજ તા.૨૨-૧૦-૯૮) શિશુવિહાર સંસ્થાને અને શિશુવિહારને આંગણે પાંગરેલી દિવ્ય જીવન સંઘની શાખાને એક સેવાભાવી પ્રેરણામૂર્તિ મહાપુરૂષની ખોટ પડી છે. લાખો ગરીબ અને નિરાધાર લોકોને આંખોની અને દિવ્યજીવનની દષ્ટિ આપનાર મહાપુરુષની કદી ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે. ૧૯૫૦માં ગંગાકિનારે ઋષિકેશમાં ગુરૂદેવ પૂજ્ય સ્વામી શિવાનંદજી પાસે ડૉ.અધ્વર્યુજીએ તથા તેઓનાં ધર્મપત્ની પૂજ્ય જયાબાએ દીક્ષા લીધી, ત્યારથી જ બંનેએ 'સેવા એ જ પૂજા' નો મંત્ર લઈને ગુરૂદેવના ચરણોમાં રહયા, ગરીબોની સેવામાં રહયા. ૯૨ વર્ષની વયે

બાપુજીએ દેહ પણ ગંગા કિનારે જ્યાં દીક્ષા લીધી હતી તે પવિત્ર ધામમાં જ સદ્‌ગુરૂ સ્વામી ચિદાનંદજી મહારાજની નિશ્રામાં છોડયો. આવા સંત ‘બાપુજીને શ્રદ્ધાંજલી’ આપવા પૂજ્ય જયાબા અને કુટુંબીજનો તથા શિવાનંદ મિશનના અંતેવાસીઓ સાથે બેસીને પ્રાર્થના કરવા, રવિવાર તા.૧૫-૧-૯૮ના રોજ મું.શ્રી માનભાઈ સાથે શિશુવિહાર પરિવાર તથા દિવ્ય જીવન સંઘની ભાવનગર શાખા પરિવારના સભ્યો બાપુજીની કર્મભૂમિ વીરનગરની જાત્રાએ જઈ આવ્યા. બાપુજીના નિવાસ સ્થાને રાખેલ તેઓના પવિત્ર ‘ફૂલ’ અને છબી સામે બેસીને ઈશ્વર સ્મરણ કર્યું, મૃત્યુંજયના પાઠ કર્યા અને સજળ નયને પ્રણામ કર્યા.બાપુજીની વિદાય ખૂબ વસમી લાગી. બાપુજીને જયારે મળીએ ત્યારે ‘જય ભગવાન’ કહેતા અને અમે છૂટા પડીએ ત્યારે પણ જય ભગવાન કહેતા. મું. માનભાઈ જેવા મજબૂત માણસ પણ આખર સુધી આંસુ ખાળી ન શકયા. શિશુવિહાર ઉપર બાપુજીના અગણિત ઉપકારો છે, એ કેમ ભુલાય? તેનું ઋણ કઈ રીતે અદા થાય?બાપુજીના ‘જય ભગવાન’કદી ન ભૂલીએ. સેવા એ જ પૂજાનો મંત્ર જીવી જનાર અને શીખવી જનાર સંત શિરોમણી શિવાનંદ અધ્વર્યુજી, વ્હાલા બાપુજીને કોટિ કોટિ પ્રણામ સાથે શિશુવિહારના જય ભગવાન.

## શ્રદ્ધાંજલિ



**સ્વ.ઉષાબહેન જાનીઃ** શિશુવિહાર સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૦માં શ્રેષ્ઠ નાગરિક તરીકે સન્માનીત ગુજરાતનાં જાણીતા શિક્ષણવિદ, સમાજસેવિકા અને સ્ત્રી-સશકિતકરણના પ્રખર હિમાયતી એવા શ્રીમતી ઉષાબેન ગુલાબભાઈ જાની (ઉં વર્ષ. ૯૦) નું તારીખ ૧ મે ૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયું. રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદીતા શૈક્ષણિક સંકુલના સ્થાપક અને અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી ઉષાબહેન ગુલાબભાઈ જાની સંનિષ્ઠ ગાંધીજન તરીકે મૂલ્ય જીવનમાં હિમાયતી રહયા. સિસ્ટર નિવેદીતા શૈક્ષણિક સંકુલના માધ્યમથી નવી પેઢીમાં ઉર્જા દિશા સંચાર કરનાર સ્વ.શ્રી ઉષાબહેનનાં આત્માની ચીર શાંતી માટે શિશુવિહાર પરીવાર પ્રાર્થના કરે છે.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021
બેંકની વિગતો
નામ: ‘**શિશુવિહાર**’
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** **Shishuvihar Bhavnagar**
**Shishuvihar** **Shishuvihar**

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, સૃષ્ટિબેન સોલંકી, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001.(GUJARAT) INDIA